# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-10-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# PM MODI VIKASH OATH

રાજ્ય સરકાર આજથી વિકાસ સપ્તાહની ઉજવણી કરી રહી છે. 2001માં જ્યારે નરેન્દ્ર મોદી રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા, ત્યારથી અત્યાર સુધી રાજ્યની વિકાસ યાત્રાને દર્શાવવા માટે વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને વહીવટી ક્ષેત્રના 23 વર્ષ પૂર્ણ થયા તેની ઉજવણીના ભાગ રૂપે ગાંધીનગરમાં ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.. વિધાનસભાના પોડિયમ ખાતે આજે બપોરે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, મંત્રીઓ અને અધિકારીઓ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી..

રાજ્યના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ દરમિયાન પ્રસિદ્ધ સ્થળો પર વિકાસ પ્રદર્શની સહિત ઘણા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યના વિકાસમાં નરેન્દ્ર મોદીના મહત્વપૂર્ણ યોગદાન વિશે લોકોને માહિતગાર કરવા માટે, તેમની પરિવર્તનકારી પહેલ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી, અમદાવાદ રિવર ફ્રન્ટ, મોઢેરા સૂર્ય મંદિર, ગિફ્ટ સિટી સહિત માન્ય 23 પ્રતિષ્ઠિત સ્થળોએ વિકાસ વોક યોજાઇ રહી છે.

રાજ્યના આર્થિક વિકાસને પ્રદર્શિત કરવા માટે, સ્ટાર્ટ અપ, નવા શોધકો અને ઉદ્યોગ સાહસિકોના યોગદાનને દર્શાવવા માટે રાજ્યમાં ગુજરાત વિકાસ ઇનોવેશન એક્સ્પો પણ યોજાશે.

આ સાથે જ 3 હજાર કરોડથી વધુની વિકાસ યોજનાઓનો પ્રારંભ કરાશે.

-----------------

## GHUDKHAR VASTI GANATRI

રાજ્યમાં છેલ્લા 5 વર્ષમાં ઘુડખરની વસતિમાં 26 ટકાનો વધારો નોંધાયો છે. વન અને પર્યાવરણ મંત્રી મુળૂભાઈ બેરાએ કહ્યું કે, ‘ભારતમાં એક માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખરની વસતિ 7 હજાર 672 છે.

શ્રી બેરાએ ઉમેર્યું કે, આ વર્ષે 10મી ઘુડખર વસતિ પ્રમાણે 2 હજાર 705 ઘુડખર સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાં વસવાટ કરે છે. જ્યારે એક હજાર 993 ઘુડખર કચ્છ જિલ્લામાં, એક હજાર 615 ઘુડખર પાટણમાં છે.

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે કહ્યું કે, ‘અંદાજે 15 હજાર 510 ચોરસ કિલોમીટર વિસ્તારમાં સીધી ગણતરી પદ્ધતિથી ઘુડખરની સાથે નીલગાય, ચિંકારા, કાળિયાર, જંગલી ભૂંડ, ભારતીય શિયાળ, રણ લોંકડી જેવા વન્યજીવોની પણ ગણતરી કરવામાં આવી હતી.

ભારતીય ઘુડખરની વિશેષતા એ છે કે, રાજ્યના આ ઘુડખર રણમાં 45થી 50 ડિગ્રી જેટલા તાપમાન વચ્ચે પણ જીવી શકે છે. રણમાં આવેલા ટાપુ પર ઊગતું ઘાસ જ આ ઘુડખરનો મુખ્ય ખોરાક છે. ઉપરાંત બદામી રંગના ઘુડખર ખૂબ જ ભરાવદાર હોય છે અને રણમાં 50થી 70 કિલોમીટરના પૂરપાટ વેગે દોડી શકે છે.

.................

## VADODARA-BHAYLI ACCUSED

વડોદરામાં બીજા નોરતે ભાયલી વિસ્તારમાં સગીરા પર સામૂહિક દુષ્કર્મ કરનાર પાંચ આરોપીઓને વડોદરાની ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. દુષ્કર્મ કરનાર 5 આરોપીઓ પૈકી 3 ઉત્તરપ્રદેશના હોવાનું સામે આવ્યું છે. ગરબા રમવા નીકળેલી 16 વર્ષની સગીરા તેના મિત્ર સાથે વડોદરાના ભાયલી-બીલ રોડ વિસ્તારમાં બેઠી હતી, ત્યારે 3 નરાધમોએ તેના મિત્રને ગોંધી સગીરા પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું.

આરોપીઓ વડોદરાના તાંદલજા વિસ્તારના હોવાનું જાણવા મળ્યું છે. પાંચમાંથી ત્રણ ઉત્તરપ્રદેશના રહેવાસી છે. તેઓ ઘણાં સમયથી તાંદલજા વિસ્તારમાં રહે છે. જિલ્લા પોલીસ વડા રોહન આનંદે જણાવ્યું હતું કે, હાલ પોલીસ તંત્ર દ્વારા આરોપીઓની તપાસ કરવામાં આવી રહી છે.

આરોપીઓ પ્લાસ્ટર ઓફ પેરિસ કરવાના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું પણ તેમણે જણાવ્યું છે. દુષ્કર્મ વખતે  ત્રણ યુવાનો નશામાં હોવાનું પણ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે..

.................

## AMBAJI ACCIDENT

અંબાજીના ત્રિશૂલિયા ઘાટ પર શ્રદ્ધાળુઓ ભરેલી લક્ઝરીનો અકસ્માત થયો હતો.જેમાં એક બાળક અને પુરૂષ સહિત ત્રણનાં મોત થયા હતા, જ્યારે  52 જેટલા લોકોને પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં છે. જ્યાં તેમની સારવાર ચાલી રહી

છે..પોલીસ દ્વારા આપવામાં આવેલી પ્રથામિક માહિતી મુજબ આ તમામ શ્રધ્ધાળુઓ  ખેડા જિલ્લાના હતા.. તેઓ દર્શન કરી પરત જતા હતા ત્યારે રસ્તામાં  બસ પલટી મારી ગઇ હતી અને બસ રેલિંગ સાથે અથડાઇ હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને 108 એમ્બ્યુલન્સ તાત્કાલિક  ઘટના સ્થળે પહોંચી હતી અને એમ્બ્યુલન્સ દ્વારા ત્વરિત ઇજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયા હતા.

---------------

## KUTCH DRUGS

કચ્છના ગાંધીધામમાંથી 120 કરોડનું ડ્રગ્સ ઝડપાયું છે. કચ્છના ખારી રોહરમાંથી મોટાપાયે માદક પદાર્ષોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.. પૂર્વ કચ્છ પોલીસે નશાકારક પદાર્ષનો મોટો જથ્થો પકડી પાડ્યો હતો..પોલીસે આ જથ્થો જપ્ત કરીને આગળની તપાસ હાથ ધરી છે..

----------

## VAN RAKSHAK PARIKSHA NAKLI UMEDVAR

વન વિભાગની વનરક્ષકની શારીરિક પરીક્ષામાં નકલી ઉમેદવાર પકડાયો હોવાનું સામે આવ્યું છે.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, ગાંધીનગરના પોલીસ પરેડ મેદાન ખાતે ગઈકાલે યોજાયેલી વનરક્ષકની શારીરિક પરીક્ષામાં બીજા ઉમેદવારની જગ્યાએ પરીક્ષા આપવા આવેલો નકલી ઉમેદવાર બાયોમેટ્રિકની ચકાસણી વખતે પકડાઈ ગયો હતો. આ મામલે નકલી ઉમેદવાર સામે ગાંધીનગરના સેક્ટર 21 પોલીસમથકમાં ગુનો નોંધાયો હતો.

-----------------------------------